

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દલિતો અને મુસ્લિમોથી હાથ ધોઈ નાખ્યો છે,*
*અને પાટીદારનો પણ સાથ ખોઈ નાખ્યો છે,*
*રોઈ નાખ્યો છે વિશ્વાસ સૌ નાના કાર્યકરોનો -*
*ગરીબો - હિંદુઓ પર મદાર જોઈ રાખ્યો છે.*
*(ભાજપ ની ભાંજગડ)*

હાઈકુ

*દીદી એ કર્યાં*
*'નેનો' ને નનૈયાથી -*
*અપસકન!*
*(હજુ હાલતી નથી...)*

*કરે અસ્થિર!*
*તેલ પેટ્રોલ ભાવ -*
*મગજ પણ...*
*(રાતે ન વધે એટલા*
*દિવસે વધે છે.)*

### ચિંતન

*પરિચ્છેદો હિ પાંડિત્યં યદાપન્ના વિપત્તય: ।*
*અપરિચ્છેદકર્તૂણાં વિપદ: સ્યૂ: પદે પદે ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

જયારે મુશ્કેલી-સમસ્યા-તકલીફ આવી પડે ત્યારે જ તેના દરેક પાસાંનો અભ્યાસ કરી અનુભવીની સલાહ લઈ, એ સમસ્યામાંથી માર્ગ કાઢી લેવો જોઈએ - અર્થાત જરા પણ સમય બગાડ્યા વિના સમસ્યાનો સામનો કરવો જોઈએ. હતાશ થઈ તેની ચિંતામાં હાથ પર હાથ રાખી બેસી ન રહેવું.

જે વ્યક્તિ વિપત્તિઓને તાબે થઈ તેને સહન કર્યા કરે અને હતાશા અનુભવે છે તેઓ કદી પણ માનસિક રીતે વિપત્તિ સામે લડવામાં સક્ષમ થતાં નથી અને જીવન સંગ્રામમાં પરાભવ પામે છે; અને એક પછી એક મુશ્કેલીઓની હારમાળામાં જ ફસાતો જાય છે.

### સુવિચાર

- સ્વનું કલ્યાણ કરે અને જગતના કલ્યાણની કામના કરે એ સાધુ છે - **આચાર્ય પદ્મસાગરજી**
- હંમેશા યાદ રહે કે જે વ્યક્તિ હસતા-હસતા પાપ કરી રહ્યા છે, તે રોતાં-રોતાં પણ છૂટે તેવા નથી જ - **સ્નેહલ ભટ્ટ**
- પર્વતો વાયુને લીધે વિચલિત થતાં નથી, તેમ નિંદા અને સ્તુતિ, જ્ઞાની ને નહીં આભડે - **લાભુ પંડ્યા**
- સૌથી શ્રેષ્ઠ સુવર્ણ, તેની પરીક્ષા આગમાં... સૌથી શ્રેષ્ઠ મનુષ્ય, તેની પરીક્ષા ત્યાગમાં... - **ધર્મલોક**
- તમારું સંચિત ધન પરલોકમાં કદી સાથે નહીં આવે... તમારો આરાધેલ ધર્મ પરલોકમાં જરુર સાથે આવશે - **એસ. ભટ્ટાચાર્ય**
- દોડ્યા'તા ત્યારે લાગતું હતું કે મારા જેવું કોઈ સમર્થ નથી... જરાક પાછું વાળીને જોતાં લાગે છે આટલું દોડ્યાનો કોઈ અર્થ નથી... - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ફ્રેકચર થયું હોય તો દિવસમાં બેવાર એક કાચા પપૈયાનો રસ પંદર દિવસ પીવાથી હાડકુ જલદી સંધાય છે **(દીપક વી. આસરા)**

### બોધકથા

જે પૂજાના ખંડમાં નામ જપ - રામાયણ - ગીતાના પાઠ થતાં હોય એ ખંડમાં અને જાપ કરનાર વ્યક્તિની આસપાસ પણ એક ઉર્જાનું આભામંડળ અને જાપ કરનારની રક્ષા કરે છે એ ખંડ ને પવિત્ર રાખે છે. રસોઈ કરતાં સ્ત્રીઓ 'નાપ જપ' કરે તો રસોઈમાં સ્વાદ વધે છે.

ગુરુ નામદેવની એક ભક્ત ગરીબ સ્ત્રી જેનાબાઈ ગૌ-છાણ એકત્ર કરી એનાં છાણાં બનાવી ઋષિઓના આશ્રમમાં હોમ-હવન માટે આપતી અને એમ ગુજરાન ચલાવતી. બીજી એક ઈર્ષાળુ સ્ત્રી પણ એવું જ કામ કરતી પણ જેનાબાઈના છાણા ઘેર બેઠે વેંચાઈ જતા. પેલી સ્ત્રીએ જેનાબાઈના છાણાં ચોરી પોતાના ઢગમાં ભેળવી રાખી દીધાં.

જેનાબાઈએ પેલી સ્ત્રીના નામ સાથે નામદેવને ફરિયાદ કરી. નામદેવ કહે પણ હવે એ છાણાં તારાં છે કે એને ઘડેલાં ઈ ખબર કેમ પડે?! જેનાબાઈ કહે, મારું છાણું કાન પાસે લઈ જશો તો એમાંથી 'વિઠ્ઠલ-વિઠ્ઠલ' નો જાપ સંભળાશે ! નામદેવે ખાતરી કરી જેનાબાઈની વાત સાચી હતી - છાણાં પાછાં મળ્યાં.

# ભક્તિમય ભાદરવાનાં લેખાંજોખાં

શ્રાવણ નાહ્યા પછી હવે ભક્તિના બીજા દોર જેવો ભાદરવો બેઠો છે. અગાઉના જમાનામાં શ્રાવણ-ભાદરવો ભરપૂર વરસાદી મહિના ગણાતા હતા. ઋતુચક્રમાં થયેલ ફેરફારોને કારણે હવે એ વરસાદની મોસમ કરતાં તહેવારોની સીઝન બની ગયેલ છે. શ્રાવણના અંતમાં જ જૈનોનું મહાપર્વ - પર્યુષણ પર્વ પણ આવે છે, જેનું સમાપન યોગાનુયોગ ગણેશ ચતુર્થીના દિવસે 'સંવત્સરી' ઊજવીને કરાય છે. પર્યુષણ પર્વ દરમિયાન ભગવાન મહાવીરના જીવન-કવનની આરાધના થાય છે અને છેલ્લે સૌ કોઈ ને 'મિચ્છામી દુક્કડમ્' કહી ક્ષમાપના કરાય છે. અહિંસા, મૈત્રી અને ક્ષમા એ જૈનધર્મ દ્વારા વિશ્વને અપાયેલ અણમોલ ભેટ છે. ભારત ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે. અહીં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ સહિત બધા જ ધર્મોના લોકો રહે છે અને ભારતના બંધારણે બધાને પોતપોતાની ધાર્મિક રીતરસમ મુજબ જીવવાનો અધિકાર આપેલો છે. કયારેક તો પૂર્ણકક્ષાની અહિંસામાં માનનારા જૈન ધર્માવલંબીઓની સંવત્સરી અને અલ્લાહને પ્યારી કુરબાની આપવામાં શ્રેય માનનારા ઈસ્લામપંથીઓની બદરી ઈદ સાથે સાથે આવી જતી હોય છે. આ વર્ષે બે તહેવારો વચ્ચે ફક્ત એક જ અઠવાડિયાનું અંતર છે. ધર્મ એ માનવીના મનની અવધારણા છે. એને કોઈ સંત કે અવતારી મહાત્માનું અનુસરણ ઊચિત લાગ્યું અને શરુ થઈ ગઈ એક વર્ષોપર્યંત ચાલતી પરંપરા. એમાંથી છૂટવું કે એને સમય પ્રમાણે સંસ્કારવાનું ધારીએ એટલું સહેલું નથી. ભાદરવા મહિનામાં જ જગજ્જનની અંબામાતાનાં દર્શને પગપાળા સંઘો નીકળી પડે છે. શ્રદ્ધાનો સવાલ છે. કયાં કયાંથી લોકો પદયાત્રા કરીને આટલો લાંબો પથ કાપી માતાજીના દર્શનનો લહાવો લે છે ! બલકે પૂનમ આસપાસના દિવસોમાં તો એટલી મોટી ભીડ જામે છે કે યાત્રાળુઓને દૂરથી ધજાનાં દર્શન કરી મન મનાવી લેવું પડે છે. ધોરી માર્ગો પર યાત્રાળુઓનાં કીડિયારાં ઊભરાય છે. એથી જનસાધારણને વાહનવ્યવહારની રૂએ ઘણી હાલાકી પણ ભોગવવી પડતી હોય છે. ઉત્તર ભારતમાં કાવડિયાઓને કારણે જેવી ટ્રાફિક સમસ્યા સરજાય છે તેવી ઉત્તર ગુજરાતમાં ભાદરવી પૂનમ પૂર્વે એકાદ બે અઠવાડિયામાં દરમિયાન સરજાતી હોય છે. ગણેશોત્સવની પરંપરા પણ હવે રાષ્ટ્રવ્યાપી બનવા

**તંત્રીસ્થાનેથી...**

લાગી છે. શરુઆત મહારાષ્ટ્રથી થઈ હતી અને એની પાછળ અંગ્રેજોને અંધારામાં રાખી રાષ્ટ્રીય ચેતના જાગ્રત કરવાનો આશય હતો. લોકમાન્ય ટિલકે શરુ કરાયેલ ગણેશોત્સવ કાળક્રમે ગુજરાતના ગામેગામ પહોંચી ગયો છે. અહીં પર્યાવરણીય સમસ્યાનો સામનો કરવાની નોબત આવે છે. પ્લાસ્ટર ઑફ પૅરિસના ગણપતિને જળાશયોમાં ડૂબાડવા છતાં એ ઓગળતાં નથી. તેથી માટીના ગણેશ સ્થાપવાની અપીલો થવા લાગી છે. ગણેશોત્સવ પાછળ મૂર્તિ બનાવી પેટિયું રળતા પરિવારોની આજીવિકાનો પ્રશ્ન પણ વિચારવો જ રહ્યો. ચોમાસાના આ મહિના દરમિયાન રોગો પણ ભારે ઉપાડો લેતા હોય છે. મેલેરિયા, ડેન્ગ્યૂ, ચિકનગુનિયા અને વાઈરસ બીમારીઓથી કૉલેરા, ગેસ્ટ્રોએન્ટારાઈસ અને ટાઈફોઈડ જેવા રોગોની આ પ્રિય સિઝન છે. ડૉકટરોનાં દવાખાનામાં પગ મૂકવાની જગ્યા પણ નથી મળતી. આ તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે માનવી ઈશ્વરીય ચેતના સાથે સંકળાઈને એની મસ્તીમાં જીવે છે, ઝૂમે છે, ને આગળ નવરાત્રીનો ઉત્સવ ઊજવવાની પૂર્વતૈયારીમાં જોતરાઈ જાય છે.

# હર્ષ બ્રહ્મભટ્ટને 'હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક'



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ કવિ-ગીતકાર સ્વ. હરીન્દ્ર દવેની સ્મૃતિમાં, હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા દર વર્ષે કવિતાના ક્ષેત્રમાં ઉચ્ચ પ્રદાન માટે 'હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક આપવામાં આવે છે.' સને ૨૦૧૬ના આ પારિતોષિક માટે ગુજરાતી તેમજ હિંદી-ઉર્દૂના પ્રસિદ્ધ કવિ - ગઝલકાર અને ગુજરાત સરકારના વર્ગ-૧ના નિવૃત્ત અધિકારી હર્ષ બ્રહ્મભટ્ટની પસંદગી કરવામાં આવી છે. હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક - ૨૦૧૬ હર્ષ બ્રહ્મભટ્ટને એનાયત કરવા માટેનો સમારોહ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ યોજવામાં આવનાર છે.

● લેખિકા અરૂણાબેન વી. જોષી લિખિત; સ્વ. વિઠ્ઠલભાઈ ડી. જોષી (કહોડા, તા. ઊંઝા) ના જીવન-કવન પર આધારિત સ્મૃતિગ્રંથ 'સમર્પિત જીવન' નો વિમોચન સમારોહ અને લોકાર્પણવિધિ કહોડા ગ્રામ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વાર્તાકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, નીરવ પટેલ અને વિઠ્ઠલરાય શ્રીમાળી આમંત્રિત અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

● જાણીતા વિવેચક રમણલાલ જેઠાલાલ જોશીના ૯૧મા જન્મદિન પ્રસંગે, ઓમ કોમ્પ્યુનિકેશન દ્વારા એક કાર્યક્રમ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે 'અધ્યયનનિષ્ટ સાહિત્યકાર : રમણલાલ જોષી' શીર્ષક હેઠળ, રમણલાલ જોષીના સમગ્ર સાહિત્ય વિશે યોજાઈ ગયો. જેમાં સુમન શાહે વિદ્વતાપૂર્ણ વકતવ્ય આપી, રમણલાલ જોષીના ગુજરાતી સાહિત્યના પ્રદાન વિષે - સમગ્ર સાહિત્ય વિષે સર્વેને અવગત કરી, અર્થસભર માહિતીથી સર્વેને મંત્રમુગ્ધ કર્યા હતા. જયારે શ્રી રમલલાલ જોશીના જીવન-કવન-જીવન ઝરમર વિશે ગંધર્વ જોશીએ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકારો અને ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાતી સાહિત્ય પરિષદના ક.લા. સ્વાધ્યાય મંદિર હસ્તક બી.કે. મજમુદાર ટ્રસ્ટ પ્રકાશન શ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો - લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ, આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા - ૧૫૦ ની રહેશે. હસ્તપ્રતની ટાઈપ કોપી તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં, પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૯ ને મોકલી આપવાની રહેશે.

● ગુજરાતી સાહિત્ય પરિષદના 'શ્રીમતી જયોત્સનાબહેન હસિતકાન્ત બૂચનિધિ' અંતર્ગત લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ, આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકના પૃષ્ઠ મર્યાદા ૧૦૦ની રહેશે. હસ્તપ્રતની ટાઈપ કૉપી તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં 'પ્રકાશન મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ ને મોકલી આપવાની રહેશે.

● ડૉ. જયંત પાઠક કવિતા પુરસ્કાર ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં પ્રગટ થયેલા ઉત્તમ કાવ્ય સંગ્રહને આપવાનો છે. આથી કવિઓ, પ્રકાશનો, કાવ્યરસિકો તેમના સને ૨૦૧૪, ૨૦૧૫માં પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોની બે નકલો તા. ૩૦-૧૦-૨૦૧૬ પહેલાં 'પ્રા. ડૉ. રેખા ભટ્ટ,' મંત્રી, ડૉ. જયંત પાઠક કવિતા પુરસ્કાર સમિતિ, એમ.ટી. બી. આટ્‌ર્સ કૉલેજ, અઠવા લાઈન્સ, સુરત-૩૯૫૦૦૧ ના સરનામે મોકલાવી શકશે.

● ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ દ્વારા પ્રતિવર્ષ અપાતો 'ધનજીકાનાજી સુવર્ણચંદ્રક' ૨૦૧૪ ના વર્ષ માટે કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યાને આપવામાં આવશે.

● સને ૨૦૧૬ના વર્ષ માટેનો સાહિત્ય અકાદમી, દિલ્હીનો 'બાળ સાહિત્ય પુરસ્કાર' સુ. શ્રી. પુષ્પા અંતાણીને તેમના બાળવાર્તા સંગ્રહ 'બંટીના સૂરજદાદા' માટે અને યુવા સાહિત્ય પુરસ્કાર અંકિત ત્રિવેદીને તેમના 'ગઝલપૂર્વક' માટે આપવામાં આવશે.

- muljibhaidadhi@gmail.com

# કસ્તુરબા : કોઠાસૂઝનો અદ્‌ભૂત પર્યાય



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

કસ્તુરબાની એક મહિલા તરીકે, માં તરીકે કે મો.ક. ગાંધીના પત્ની તરીકે વાત કરીએ ત્યારે એમના જીવન કવન પરથી એટલું સ્પષ્ટ થાય છે કે તેમનામાં કોઠાસૂઝ ભારોભાર હતી. આ ગ્રામ્ય નારીને અક્ષરનું જ્ઞાન તો એક આદિવાસી દીકરી દશરીબેને તેમની બહુ પાકટ ઉંમરે પૂરું પાડ્યું હતું. એટલે કોઠાસૂજ ધરાવતા કસ્તુરબાએ થોથાસૂઝ બાજુએ રાખીને પણ પતિની સહધર્મચારિણી તરીકે અદ્‌ભૂત દૃષ્ટાંત બેસાડ્યું છે.

મહાત્મા ગાંધીને જયારે જયારે સમાજકારણમાં વિપત્તિઓ આવી ત્યારે કસ્તુરબાના મનનો મેરુ ડગ્યો ન હતો પતિની સાથે, ગાંધીના નિર્ણય સાથે અડગતાથી ઊભા રહ્યા હતા. સમાજશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો સામાજિકીરણ જીવનભર સતત ચાલતી પ્રક્રિયા છે. માનવી જુદી જુદી ઘટનાઓ - પ્રસંગો, મિત્રજૂત જેવી સામાજિકીકરણની એજન્સીઓ સાથે રહીને પરિસ્થિતિજન્ય પ્રશ્નોના ઉકેલ માટે ઘડાયો રહે છે. સામાજિક અને સાંસ્કૃતિક રીતે જે બાબત સારી ગણાતી હોય તેને સ્વીકારવા અને અયોગ્ય બાબતોને દૂર કરવાની મથામણના પ્રયાસો સામાજિકીરણનો ભાગ છે. આ વાત ધ્યાને લેતા ગાંધીજીના પત્ની તરીકે ગાંધીના સામાજિકીરણમાં પણ બહુ મૂલ્ય પ્રદાન કર્યું છે.

અવળે રસ્તે ચડેલા પુત્ર હરિલાલે આપેલી પીડા જાણીતી છે. આ સમયે કસ્તુરબાએ હરિલાલને પણ એક નાનકડા બાળકને સમજાવતાં હોય એમ સમજાવટ પત્ર લખ્યો હતો. તો હરિલાલને લખેલા પત્રમાં કસ્તુરબા કહે છે :

'તારો ધર્મ પલટો મને ગમ્યો નહોતો પણ છતાંય તારું જીવન સુધારી દેવાના નિર્ણય વિશે તે જે નિવેદન કર્યું હતું તેથી સંતોષ માન્યો હતો. અને હવેથી તું ઠરેલ જીવન ગાળીશ એ વિચારે અંદરખાનેથી હું રાજી પણ થઈ હતી. પરંતુ મારી આ આશા પણ ધૂળમાં મળી ગઈ. થોડા જ વખત ઉપર મુંબઈમાં મારા કેટલાંક જૂનો મિત્રો અને શુભેચ્છકોએ તને આગળના કરતાં પણ વધારે ખરાબ સ્થિતિમાં જોયો હતો. તું જાણે છે કે તારા વર્તનથી તારા પુત્રને કેટલું દુ:ખ થાય છે. વળી તારા આ વિચિત્ર વર્તનથી ઊપજતા શોકનો ભાર ઉપાડવાનું તારાં દીકરી જમાઈઓને માટે વધારે ને વધારે કઠણ બનતું જાય છે.'

**કસ્તુરબાએ ગાંધીજીના સામાજિકીરણમાં પણ ભૂમિકા ભજવી છે**

પુત્ર હરિલાલ ઉપરાંત ધર્મપલટો કરાવવામાં ભૂમિકા ભજવનારને પણ તેઓ પત્ર લખીને સીધા હાથે લે છે. કસ્તુરબા હરિલાલભાઈના ધર્મ પલટામાં અને ત્યાર પછીની એમની પ્રવૃત્તિમાં રસ લેનાર મુસલમાન ભાઈઓને સંબોધીને બાએ લખેલ ક :

'તમારું કામ હું સમજી જ શકતી નથી. જેઓ મારા પુત્રની હાલની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે તેમને સંબોધીને જ હું આ કહું છું. હું જાણું છું અને મને વિચાર કરતાં આનંદ થાય છે કે વિચારશીલ મુસ્લિમ જનતાના ઘણા મોટા ભાગે અને અમારા જીવનભરના મુસ્લિમ મિત્રોએ આ આખી ઘટનાને વખોડી છે. આજે તે મહાપુરુષ ડૉકટર અનસારીની ઘણી મોટી ખોટ જણાય છે. તેમણે મારા દીકરાને તેમ જ તમને પણ ઘણી ઉમદા સલાહ આપી હોત. પરંતુ આવા બીજા ઘણાયે પ્રતિષ્ઠિત અને ઉમદા સલાહ આપી હોત. પરંતુ આવા બીજા ઘણાયે પ્રતિષ્ઠિત અને ઉમદા ગૃહસ્થો પડ્યા છે અને હું આશા રાખું છું કે તેઓ તમને યોગ્ય સલાહ આપશે જ. આ કહેવાતા ધર્મ પલટાથી મારો દીકરો સુધરવાને બદલે ઊલટો વધારે કુટેવોમાં પડ્યો છે. તમારે એના દુષ્કૃત્યો માટે એને ઠપકો આપવો ઘટે છે, અને સારે માર્ગે વાળવો ઘટે છે. કેટલાક લોકો તો મારા પુત્રને મોકવીનું ઉપનામ આપવાની હદ સુધી ગયા છે ! શું આ વાજબી છે ? શું તમારો ધર્મ દારૂડિયાને મૌલવી કહેવાની છૂટ આપે છે ? મદ્રાસમાં એના તોફાની વર્તન પછી પણ કેટલાક મુસલમાનો સ્ટેશન પર એને વિદાયગીરીનું માન આપવાને ભેગા મળ્યા હતા !'

'આ પ્રમાણે એને આટલી બધી મહત્તા આપવામાં તમને શો આનંદ થાય છે તે હું સમજી શકતી નથી. જો તમે એને તમારા સાચા ભાઈ તરીકે જ માનતા હો તો તમે આ પ્રમાણે વર્તતા ન હોત. કારણ કે તમારો વર્તાવ એને માટે જરાયે હિતકારક નથી.'

'તમારો ઈરાદો જો દુનિયા આગળ અમારી હાંસી કરાવવાનો જ હોય તો મારે તમને કાંઈ પણ કહેવાપણું નથી. તમે તમારું બનતું કરી શકો છો.'


આખો પત્ર સરળ શબ્દોમાં ઘણું બધું કહી જાય છે. કયાંક કોઈ વાક્ય નહીં શબ્દમાં પણ કટુતા નહીં છતાં સૌમ્ય ભાષામાંની સખ્તાઈ એમાં વર્તાય જાય છે. પત્રના છેલ્લા ફકરામાં કસ્તુરબા એક માં તરીકે વ્યક્ત થાય છે.

'પણ એક ઘાયલ માતાનો નિર્મબ અવાજ તમારી ઉપર લાગવગ ધરાવતા કોઈ માણસના અંત:કરણને જાગ્રત કરશે, અને તેનો કદાચ તમને સમજાવી શકશે. પરંતુ મારા દીકરાને જે હું કહી રહી છું તે ફરીથી તમને કહેવાની મારી ફરજ સમજું છું કે તમે જે કરી રહ્યા છો તે ખુદાની નજરમાં વાજબી ઠરતું નથી.'

સંદર્ભ : 'અમારા બા' લેખક વનમાળા પરીખ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૪, ૧૯૬૯

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# જે દિવસે વિદ્યાર્થીને શાળામાં મજા પડે તે સાચો શિક્ષણ દિન



## અદબ-પલાંઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

મુલ્લા નસિરુદીનનું એક ઉદાહરણ જોઈએ :

મુલ્લાની પત્નીએ ફરિયાદ કરી. ''આ બિલાડી તમે પાળી રાખી છે પણ મને ખૂબ હેરાન કરે છે. ગમે ત્યાં મોઢું નાખે છે ને પછી ગમે તે જગ્યાએ શૌચ કરી ઘર બગાડે છે. બિલ્ડીને કયાંક છોડી આવો.''

મુલ્લા બિલાડીને ઘરની બહાર કયાંક મૂકી આવે છે. પણ બિલાડીતો તરત ઘરે પાછી આવી જાય છે. અનેકવાર આવું બને છે. મુલ્લાની પત્ની ગુસ્સે થઈને કહે છે ''એને દૂર મુકી આવો. જેથી પાછી ફરી ન શકે.'' મુલ્લા આજ્ઞાનું પાલન કરે છે. તે દિવસે બિલાડીને દૂર સુધી છોડી આવવા માટે મુલ્લા નીકળે છે. સાંજ પડી ગઈ છતાં પાછા ન આવ્યા. પત્નિ ચિંતા કરે છે. રાત્રે ખૂબ મોડા આવ્યા. ત્યારે મુલ્લાની પત્નીએ પૂછયું : ''કેમ આટલું બધુ મોડું થયું ?'' મુલ્લાએ કહયું બિલાડીને અટપટા રસ્તે લઈ ગયો જેથી તે પાછી ન આવી શકે. પરંતુ બન્યુ એવું કે હું જ રસ્તો ભૂલી ગયો. મુલ્લાની પત્નીએ પૂછયું, ''તો પછી તેમ ઘરે કેવી રીતે આવ્યા ?'' મુલ્લાએ સીધો સાદો જવાબ આપ્યો - ''બિલાડીની પાછળ-પાછળ ચાલ્યો ને ઘરે પહોંચ્યો.''

જીવનમાં કેટલીકવાર સ્થિતિ એવી હોય છે કે ન કોઈને રસ્તો પૂછી શકીએ ન રસ્તો શોધી શકીએ.

કોઈ કવિએ ખરું જ કહયું છે કે -

આ જીંદગીના રસ્તાઓ છે અજીબો ગરીબ
કયારેક જાણીતો રસ્તો પણ બની જાય પરાયો.

આજના શિક્ષણ માટે આથી ઉત્તમ ઉદાહરણ બીજુ એકેય જડે તેમ નથી. આજનો આ લેખ શિક્ષકો વાંચે તે કરતાં શિક્ષણમંત્રી અને શિક્ષણ સચિવ વાંચે તે જરૂરી છે. પરંતુ મારું તો કેટલું ચાલે ?

● જયાં સુધી વિદ્યાર્થીને શાળામાં મજા ન પડે, ત્યાં સુધી શિક્ષણના નામે થતુ બધું જ નકામુ

● શાળામાં આજે ભણતર થાય છે, ઘડતરનો સદંતર અભાવ વર્તાય છે.

● શિક્ષણ નહિ પણ પધ્ધતિ ખોટી છે, એમ બધા સ્વીકારે છે છતાં કોઈ કશું કરતું નથી. કરી શકતું નથી.

● ભણાવનારો શિક્ષક મહત્ત્વનો છે તે છતાં તેને અભ્યાસક્રમ, પરીક્ષા કે વિષયવસ્તુમાં ફેરફાર કરવાનો અધિકાર નથી.

● નવી શિક્ષણનીતિ કે પછી જૂનું હવે નહિ ચાલે તેવા બહાના હેઠળ જે તે ધોરણનો અભયાસક્રમ બદલીને આપણે સંતોષ માની લઈએ છીએ.

● શિક્ષણની ગુણવત્તા માટે માત્ર શિક્ષક જ જવાબદાર એ માન્યતા બદલવાની તાતી જરૂર છે.

● શિક્ષણ એક એવું ક્ષેત્ર છે જેમાં તમે નિષ્ણાત ન હો તો પણ સલાહ આપી શકો છો.

● સરકારનો કોઈપણ કાર્યક્રમ, શિક્ષણને લગતા ન હોય તો પણ તેમાં શાળાનો ઉપયોગ કરવામાં આવે છે જે અત્યંત દુખ:દ છે.

● શિક્ષણ સિવાયના અન્ય કામો શિક્ષકો પાસે કરાવવામાં આવે છે. આ વિધાનમાં અતિશયોકિત હશે તો પણ સાવ ખોટું તો નથી જ.

● શિક્ષણમાં નવા-નવા પ્રયોગો આવકાર્ય છે. પરંતુ પ્રયોગોના નામે અખતરા બંધ કરવા જોઈએ.

● શિક્ષણ પરિવર્તનશીલ છે. સ્થિર થાય તે શિક્ષણ નહિ, સ્થિર થયેલું બધું જ ગંધાય, અને તેમાંથી વાસ આવવા માંડે પછી તે ખાબોચિયું કેમ ન હોય !

● દર પાંચ-સાત વર્ષે અભ્યાસક્રમ બદલાવો જોઈએ. કેટલાક ધોરણોમાં બાર થી પંદર વર્ષ સુધી એક જ પુસ્તક ચાલે છે જે દુખ:દ કહી શકાય.

● મોટા ભાગની શાળાઓમાં ગુજરાતી વિષય માટે ગુજરાતીનો શિક્ષક નહિ પણ અન્ય કોઈ ભાષાના શિક્ષક ગુજરાતી ભણાવતાં હોય છે. જે ઠીક ન કહી શકાય. વિષયવાર શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

● વાલી ફરજિયાત બાળકોને શાળાએ મોકલે તેના કડક નિયમો હોવા જોઈએ.

● શિક્ષણને માહિતીલક્ષી માંથી જ્ઞાનપ્રધાન અને સમજપ્રધાન તરફ લઈ જવું જોઈએ.

માત્ર માહિતીલક્ષી શિક્ષણ ગોખણપટ્ટીને જ ઉત્તેજન આપે છે.

● ગોખી ગોખીને ઊંચુ મેરિટ લઈ આવનારા વિદ્યાર્થીઓ કદાચ મેરિટવાળી સરકારી નોકરી મેળવી લેશે, પરંતુ પ્રાઈવેટ જોબમાં ગોખણપટ્ટીને નહિ પરંતુ આવડત (Skill) ને મહત્ત્વ આપવામાં આવે છે.

● શાળાનું મકાન આલીશાન હોવા માત્રથી શિક્ષણની ગુણવત્તા સુધરી જતી નથી. કે સાધન સંપન્ન શાળા માટે શિક્ષણની ગુણવત્તાની ખાતરી આપી શકાતી નથી.

● ઉનાળામાં પડતા પાંત્રીસ દિવસના વેકેશન માટે શિક્ષણ વિભાગે પુન: વિચારણા કરવી ઘટે.

● શિક્ષકોને અપાતી એકધારી અને બોરીંગ તાલીમ માટે પુન: વિચારણા કરી ઈનોવેટીવ રીફ્રેશર કોર્સ મૂકવો જોઈએ.

● બધી જ તાલીમો ફરજિયાત ન હોઈ શકે. અમુક રસ ધરાવતા શિક્ષકોને અલગ તારવી સારું પરિણામ મેળવી શકાય છે.

**મિસરી :**

**આંખોથી તમે કરો તે સંવાદ મને ગમે છે,**
**ભીંજવે હૈયાને સ્નેહ નો વરસાદ મને ગમે છે.**
**રોજ રોજ લખવાનું એક કારણ એવું હોય શકે,**
**વાંચ્યા પછી તમે આપો એ દાદ મને ગમે છે.**

**(હેમંત વણકર, પ્રયોગશીલ શિક્ષક)**